# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref No. PN 2024-25/07 Dt. 12/09/2024

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ટી.એન.ટીવી સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે ટ્રાફિક અવેરનેસ સેશન યોજાયું

## પ્રાથમિક અને માધ્યમિક સ્કૂલના ૭૦૦ થી વધુ વિદ્યાર્થીઓને ટ્રાફિક સિગ્નલ, નિયમો અને જરૂરી સાવચેતી અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની ટ્રાફિક એજ્યુકેશન એન્ડ અવેરનેસ કમિટી દ્વારા બુધવારે, તા. ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ સવારે ૧૦:૩૦ થી ૦૨:૦૦ કલાક દરમિયાન ટી.એન.ટીવી સાર્વજનિક હાઈસ્કૂલ, નાનપુરા ખાતે પ્રાથમિક અને માધ્યમિક સ્કૂલના વિદ્યાર્થીઓ માટે સ્પેશિયલ ટ્રાફિક અવેરનેસ સેશન યોજાયું હતું, જેમાં શાળાના ૭૦૦ થી વધુ વિદ્યાર્થીઓને ટ્રાફિક સિગ્નલ, નિયમો અને જરૂરી સાવચેતી અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સની ટ્રાફિક એજ્યુકેશન એન્ડ અવેરનેસ કમિટીના ચેરપર્સન સુશ્રી કામિનીબેન ડુમસવાલાએ પ્રાથમિક સ્કૂલના વિદ્યાર્થીઓને ઘરની બહાર નીકળતાં ટ્રાફિકના નિયમોનું પાલન કરી અકસ્માતથી કેવી રીતે બચી શકાય તે અંગે માહિતી આપી હતી. તેમજ ટ્રાફિકની નિશાનીઓ, સીટ બેલ્ટ,

હેલ્મેટનું મહત્વ અંગે તલસ્પર્શી માહિતી ગ્રાફિક્સની મદદથી વિદ્યાર્થીઓને આપી, ટ્રાફિકના નિયમો, માર્ગ સલામતી અંગેની જાગૃતિ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

તેમણે વધુમાં હાયર સેકેન્ડરીના વિદ્યાર્થીઓને રોંગ સાઈડ વાહન ચલાવવાથી અને મોબાઈલનો ઉપયોગ કરતાં થતાં ગંભીર અકસ્માતો અને તેના નિવારણ માટે ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

ડિસ્ટ્રિક્ટ ટ્રાફિક એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટીના પ્રેસિડેન્ટ તથા રોડ સેફ્ટી ટ્રેનર શ્રી બ્રિજેશ વર્માએ રોડ અકસ્માત નિવારવા અંગે વિદ્યાર્થીઓને ટ્રાફિક નિયમોનું પાલન કરવા તથા વિભાગને કામગીરીમાં સાથ સહકાર આપવા અનુરોધ કર્યો હતો. તેમજ માર્ગ સલામતી માટેના ટ્રાફિક વિભાગ અને સરકારના પ્રયાસો અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત, સેમિનારમાં રસ્તા પર પગપાળા ચાલવાની અને વાહન ચલાવવાની સાઈડ વિશે તથા લેન ડ્રાઈવિંગ અંગેની સમજૂતી આપવામાં આવી હતી.

સેમિનારનું પ્રથમ સેશન પ્રાથમિક સ્કૂલના વિદ્યાર્થીઓ માટે સવારે ૧૦:૩૦ થી ૧૨:૦૦ કલાક દરમિયાન અને બીજું સેશન માધ્યમિક સ્કૂલના વિદ્યાર્થીઓ માટે બપોરે ૧૨:૩૦ થી ૦૨:૦૦ કલાક દરમિયાન યોજાયું હતું. સેમિનારમાં સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના ડાયરેક્ટર શ્રી ભરત દેસાઈ અને સીઈઓ સુશ્રી તેજલબેન પારેખ, ટી.એન.ટીવી શાળાના આચાર્ય અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.